(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર– કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામું આખરી રહેશે. ચોકકસ સમજણ–અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપવામાં આવે છે.)

# ફી જાહેરનામું

**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**નવા સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૩ / ૫ /૨૦૧૫**
**નં. ટોલ/ભૂજ–ભચાઉ/ ૨૦૧૫–૧૬/ખાનગીકરણ શાખા**

**સરકારી આદેશ :**

૧. ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે) એ, તારીખઃ ૧૨/૦૭/૨૦૧૧ ના રોજ, ભારત સરકારની નિભાવક્ષમતા અંતર ભંડોળ યોજના હેઠળ ગુજરાત રાજયમાં ભૂજ– ભચાઉ માર્ગ(એસ–એસ ૪૨) કી.મી. ૦૦/૦૦ થી ૭૭/૦૦ને પહોળો કરવાના કામ અર્થે મે. વાલેચા કચ્છ ટોલ રોડસ લિ. (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "કન્સેશનર" તરીકે કરવામાં આવ્યો છે) સાથે, નિર્માણ, સંચાલન અને તબદીલીના ધોરણે કરાર કર્યો છે. આ કન્સેશનર આ કન્સેશન કરારની જોગવાઈઓને સુસંગત રહીને સમગ્ર કન્સેશન સમયગાળા સુધી આ પરિયોજના ધોરીમાર્ગની મોજણી, આલેખન, ઈજનેરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન અને જાળવણી કરવા સંમત થયા છે.

૨. આ કન્સેશન કરારની કલમ–૩ હેઠળ, આ કન્સેશન કરારની કલમ–૩.૧ માં નિયત કરેલા કન્સેશન સમયગાળા માટે કન્સેશનરને આ પરિયોજના નિહિત કરે છે.

૩. કન્સેશન–કરાર અંતર્ગત કન્સેશનરના હકકનો સ્વીકાર કર્યા બાદ હવે ગુજરાત સરકાર મંજૂર કરી, જાહેર કરી, આદેશ કરે છે કે કન્સેશનર અથવા તેમના ધ્વારા અધિકૃત કરાયેલ એજન્ટ/ કર્મચારીઓ ટેબલ–આર.૨(બે) માં આપેલ ચાર્જની યાદીના ખાના નંબર– ૨ માં જણાવેલ વાહનોની અને આવા વાહનોથી ખેંચાતા ટ્રેલર પાસેથી ખાના ૪ અને ૬ માં દર્શાવ્યા પ્રમાણેનો ચાર્જ નકકી કરી વસૂલ કરશે, એકત્રિત કરશે પોતાની પાસે રાખી તેનો વિનિયોગ કરશે.

૪. **વ્યાખ્યાઓઃ** આ જાહેરનામામાં, અન્યથા સંદર્ભ જરૂરી હોય એ સિવાય,

૧. **"વાસ્તવિક ફી"** એટલે પ્રાયોજના– ધોરીમાર્ગનો દરેક વિભાગ અથવા તેના કોઈ ભાગનો ઉપયોગ કરનાર પાસેથી વસૂલાત કરાતી વાસ્તવિક ફી કે અનુભાગ/ભાગની લંબાઈ મુજબની છે અને આ જાહેરનામા શિડયુલમાં સુચવેલ દર મુજબ છે.

૨. **"પાયાનું વર્ષ"** એટલે કે ૧લી એપ્રિલ ૨૦૧૦ થી ૩૧મી માર્ચ ૨૦૧૧સુધીનો સમયગાળો.

૩. **"પૂલ/બ્રિજ"** એટલે કન્સેશન કરાર હેઠળ બંધાયેલો, સંચાલિત અથવા જાળવવામાં આવતો હોય એવો કોઈ પણ બ્રિજ, માર્ગ પરનો ઓવર બ્રિજ અથવા અંડર બ્રિજ.

૪. **"બાહ્યમાર્ગ"** એટલે પરિયોજના ધોરીમાર્ગ ઉપરના કન્સેશન કરાર હેઠળ બંધાયેલા, સંચાલિત અથવા જાળવવામાં આવતા હોય તેવા કોઈ પણ બાહ્યમાર્ગ નો સમાવેશ થાય છે.

૫. **"વાણિજિયક સંચાલનની તારીખ"("COD** એટલે, ગુજરાત રાજયના રાજય ધોરીમાર્ગ નં. ૪૨ ઉકત વિભાગમાં વાણિજિયક કામગીરી શરૂ થઈ હોય તે તારીખ, જે તારીખ સ્વતંત્ર ઈજનેરે સત્તાધિકારી અને કન્સેશનર વચ્ચે કરાર થયો હોય તે કરારની જોગવાઈ મુજબ ઉકત રાજય ધોરીમાર્ગના ઉકત વિભાગની કામગીરી પૂરી થવા અંગે કાર્ય–સમાપ્તિ પ્રમાણપત્ર અથવા કામચલાઉ પ્રમાણપત્ર આપ્યું હોય.

૬. **"કન્સેશન કરાર"** એટલે જીએસઆરડીસી અને કન્સેશનર વચ્ચે પરિયોજના ધોરીમાર્ગના તેમના ખર્ચે મોજણી, આલેખન, ઈજનેરી કામગીરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન, તથા નિભાવ અંગેની કામગીરી કરવા માટે થયેલો કરાર

૭. **"કન્સેશનર"** એટલે જીએસઆરડીસી સાથે કન્સેશન કરાર કર્યો હોય તે વ્યકિત

૮. **"સત્તા –અધિકૃત"** એટલે ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ.

૯. **"નાણાંકીય વર્ષ"** એટલે ૧લી એપ્રિલ થી શરૂ થાય અને ૩૧ માર્ચના રોજ પૂર્ણ થાય તે

૧૦. **"એકંદર વાહન વજન"** અથવા "જીવીડબલ્યુ" એટલે કોઈપણ વાહનની બાબતમાં મોટરવાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ વાહનનું પ્રમાણિત થયેલું અને નોંધાયેલું વાહનનું અને ભારનું કુલ વજન

૧૧. **"સરકાર"** એટલે ગુજરાત સરકાર.

૧૨. "**લેન** " એટલે ૩.૫ મી કરતાં ઓછી પહોળાઈ ન હોય તેવો અને મુખ્ય રસ્તાનો ભાગ હોય તેવી લેન.

૧૩. **"સ્થાનિક ઉપયોગકર્તા"** એટલે વ્યકિત જે બિન વાણિજિયક વપરાશ માટે વાહનની માલિકી ધરાવતા હોય અને રસ્તાનો ઉપયોગ કર્તા હોય, પરંતુ અહી શરત એ રહેશે કે (અ) આ વાહન એ નજીકના ટોલ પ્લાઝા ના ૨૦ કી.મી. વિસ્તારમાં રહેતા હોય તેવા વ્યકિતની માલિકીનું રહેશે. આ રસ્તાનો તેનો ઉપયોગ આવા નજકીના ટોલ પ્લાઝાથી વધુ વિસ્તરશે નહી. (બ)પ્રોજેકટ હાઈવે અથવા તેનો અનુભાગને સર્વીસ રોડના હોય અથવા વૈકલ્પિક માર્ગ ના હોય અને આ રસ્તાનો ઉપયોગ કરતા હોય પરંતુ ટોલ પ્લાઝા ક્રોસ ન કરતાં હોય તેવા વાહનોનો સમાવેશ થશે.

૧૪. **"નોટીફીકેશન"** એટલે સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થતું જાહેરનામુ.

૧૫. " **મીકેનીકલ વેહીકલ"** એટલે સ્વયં ઉર્જાથી સંચાલિત યાંત્રિક વાહન કે જે મોટર વેહિકલ એકટ ૧૯૮૮ માં વ્યાખ્યાયિત છે તે પ્રમાણે.

૧૬. **"પ્રોજેકટ હાઈવે" અથવા " હાઈવે"** એટલે કોઈપણ રોડ કે બાયપાસ જે ઉકત કરારની બાંધવામાં આવેલ હોય અને જેની મરામત અને સંચાલન ઉકત કરારની કોઈપણ જોગવાઈ હેઠળ થતુ હોય.

૧૭. **"રોડ ઓવરબ્રીજ/અંડરબ્રીજ" અથવા " આરઓબી/આરયુબી"** એટલે રેલવેના પાટાની ઉપરથી કે નીચેથી પસાર થતાં રોડ ઓવર બ્રીજ/ અંડર બ્રીજ કે જે ઉકત કરારની જોગવાઈ હેઠળ બાંધવામાં આવેલ હોય, જેની મરામત અને સંચાલન ઉકત કરારની કોઈપણ જોગવાઈ હેઠળ થતુ હોય.

૧૮. **"રાજય"** એટલે ગુજરાત રાજય.

૧૯. **"સ્ટેટ હાઈવે"** એટલે રાજયના અધિકાર ક્ષેત્રમાં આવતાં હોય તેવા રાજય માર્ગ, જીલ્લા માર્ગ કે અન્ય જીલ્લા માર્ગ.

૨૦. **"ટર્મીનેશન ડેટ"** એટલે એ તારીખ કે જે તારીખે ઓથોરીટી અને કન્સેશનરએ કરેલ કરાર, કરારની કોઈ જોગવાઈ હેઠળ સમાપ્ત થાય અથવા ટર્મીનેશન નોટીસ ધ્વારા સમાપ્ત થાય.

૨૧. **"ટોલ"** એટલે પ્રોજેકટ હાઈવે, બાયપાસ, પુલ અથવા રોડ ઓવરબ્રીજ/ અંડરબ્રીજના ઉપભોકતાઓ ધ્વારા આ નિયમ હેઠળ ચુકવવામાં આવતો પ્રતિ કી.મી ટોલ ચાર્જ.

૨૨. **"ટોલ પ્લાઝા"** એટલે ટોલ ફી એકઠી કરવા માટે બનાવવામાં આવેલ કોઈ પણ બિલ્ડીંગ, માળખું કે બુથ.

૨૩. **"ટ્રેકટર"** એટલે એવું મોટર વાહન, જેને માલસામગ્રી ધકેલવાના/ખેંચવાના હેતુ માટે વપરાતી સાધનસામગ્રી સિવાય કોઈ વજન ઉપાડવા બનાવવામાં ન આવ્યું હોય. તેમાં રોડ રોલરનો સમાવેશ થતો નથી.

૨૪. **"ટ્રક"** એટલે એવું કોઈ પણ માલવાહક વાહન, જે ૧૨,૦૦૦ (બાર હજાર) કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતું હોય, તેમાં રોડ રોલરનો સમાવેશ થાય છે પરંતુ ભારે ખટારાનો સમાવેશ થતો નથી.

૨૫. **"ડબલ્યુપીઆઈ"** એટલે ભારત સરકારના ઉધ્યોગ મંત્રાલય ધ્વારા પ્રકાશિત કર્યા પ્રમાણેના તમામ ચીજવસ્તુઓ માટેનો જથ્થાબંધ કિંમત સૂચકાંક અને તેમાં ડબલ્યુપીઆઈની અવેજીમાં કોઈ સૂચકાંક હોય તો તેનો સમાવેશ થશે.

## ૫. ફી લેવી

૧. રાજય સરકાર જાહેરનામુ બહાર પાડીને આ નિયમો અનુસાર રાજય ધોરીમાર્ગના કોઈપણ ભાગ માટે ફી લઈ શકાશેઃ

પરંતુ રાજય સરકાર જાહેરનામુ બહાર પાડીને અને આવા જાહેરનામામાં નિર્દીષ્ટ કરવામાં આવી હોય એવી શરતોને આધીન રહીને જાહેર ભંડોળમાંથી બાંધવામાં આવેલા રાજય ધોરીમાર્ગના કોઈપણ ભાગની આવી ફી અથવા ફી નો કોઈ ભાગ લેવામાંથી મુકિત આપી શકાશે.

૨. પેટા નિયમ(૧) હેઠળ લેવાની ફી, જાહેર ભંડોળમાંથી બાંધવામાં આવેલ રાજય ધોરીમાર્ગનો સબંધિત ભાગ પુરો થયાની તારીખથી ૩૦ દિવસની અંદર ઉઘરાવવાનું શરૂ કરવાનું રહેશે.

૩. પેટા નિયમ (૧) હેઠળ લેવાની ફીની ઉઘરાણી, કન્સેશનર ધ્વારા કરવામાં આવેલા એગ્રીમેન્ટની શરતો મુજબ કરવાની રહેશે.

૪. દ્વિ ચક્રી, ત્રિચક્રી વાહનો ટ્રેલર સાથેના અથવા વિનાના કૃષિ ટ્રેકટરો અને પશુચાલિત વાહનો પાસેથી રાજયના ધોરીમાર્ગના વપરાશ માટે કોઈ ફી લેવાની રહેશે નહી.

પરંતુ રાજય ધોરીમાર્ગના બદલે જયાં સર્વીસ રોડ અથવા વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ હોય તેવા, રાજય ધોરીમાર્ગના ભાગનો કૃષિ ટ્રેકટરો અથવા પશુચાલિત વાહનોને ઉપયોગ કરવા દેવાંમાં આવશે નહી.

પરંતુ વધુમાં, જયા સર્વીસ રોડ અથવા વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ હોય અને દ્વિ ચક્રી વાહનોમાલિક, ડ્રાઈવર અથવા હવાલો ધરાવતી વ્યકિત રાજય ધોરીમાર્ગના એ ભાગનો ઉપયોગ કરતો હોય તો, કાર માટે લેવામાં આવતો/ આવી ફીના ૫૦ટકા જેટલી રકમ તેની પાસેથી વસુલ કરવાની રહેશે.

આ માટે નિયમના હેતુ માટે:

**"વૈકલ્પિક માર્ગ"** એટલે કે જેવો અન્ય માર્ગ જેનો " કેરેજ વે" ૧૦ મીટર કરતાં વધુ પહોળો હોય અને જેની લંબાઈ, રાજય ધોરીમાર્ગના આવા ભાગની લંબાઈ ૨૦ટકા થી વધુ ન હોય અને

**"સર્વીસ રોડ"** એટલે રાજય ધોરીમાર્ગ ના આવા ભાગ ને અડીને આવેલી જમીનમાં જેના પરથી પ્રવેશી શકાતુ હોય એવો, રાજય ધોરીમાર્ગના ભાગને સમાંતર ચાલતો માર્ગ

૫. આ નિયમો હેઠળ રાજય સરકારે નિર્દીષ્ટ કરેલી ફીને સૌથી નજીકના, ૫ના ગુણાંક સુધી પુરે આંકડે કરીને વસુલ કરવાની રહેશે.

**૬. ફી નો આધારરૂપ દર( બેઝ રેટ)**

૧. રાજય ધોરીમાર્ગ ભાગ, કાયમી પુલ, બાયપાસ અથવા ટનલ, તે જાહેર ભંડોળમાંથી બાંધવામાં આવ્યા હોય કે ખાનગી રોકાણના પ્રોજેકટ થકી બાંધવામાં આવ્યા હોય તેમની ફીનો દર એક સમાન રહેશે.

૨. બે અથવા વધુ માર્ગીય રાજય ધોરીમાર્ગના ભાગનો ઉપયોગ કરવા માટેની ફીના દર, ૨૦૧૦–૨૦૧૧ના આધાર વર્ષ માટે, આવા ભાગની લંબાઈ ગુણ્યા નીચે દર્શાવેલા દર જેટલી રહેશે, એટલે કે

| **વાહનનો પ્રકાર** | **કી.મી. દર મૂળભૂત (રૂ.માં)** |
|---|---|
| કાર, જીપ, વાન અથવા લાઈટ મોટર વ્હીકલ (હલકુ મોટર વાહન) | ૦.૮૦ |
| લાઈટ મોટર વ્હીકલ, લાઈન ગુડઝ વ્હીકલ અથવા મીની બસ | ૧.૨૦ |
| બસ અથવા ટ્રક | ૨.૪૦ |
| હેવી કન્સ્ટ્રકશન મશીનરી (એલ.એચ.એમ) અથવા અર્થ મુવીંગ ઈકવીપમેન્ટ (ઈ.એમ.ઈ) અથવા મલ્ટી એકસલ વ્હીકલ (એમ.એ.વી) (ત્રણ અથવા છ એકસલ ધરાવતું) | ૪.૦૦ |
| મોટા કદનું વાહન (ઓવરસાઈઝડ વ્હિકલ ) (સાત અથવા વધુ એકસલ ધરાવતું) | ૪.૮૦ |

**આ નિયમન હેતુ માટે સ્પષ્ટિકરણ:**

**"કાર" અથવા "જીપ" અથવા "વાન" અથવા લાઈટ મોટર વ્હિકલ" અથવા ટ્રેકટર વીથ ટ્રોલી"** એટલે એવું કોઈ પણ યાંત્રિક વાહન જે વાહનનું એકંદરે વજન સાત હજાર પાંચસો કીલોથી વધુ હોય પહેલું વીસ હજાર કીલોગ્રામ અથવા મોટર વ્હિકલ એકટ ૧૯૮૮ હેઠળ ઈસ્યુ કરવામાં આવેલા સર્ટીફીકેટ માટે રજીસ્ટ્રેશનમાં નિર્દીષ્ટ કરવામાં આવ્યા મુજબની, મુસાફરોને વહન કરવાની નોંધાયેલી ક્ષમતા જેનું વજન ડ્રાઈવરોને બાદ કરતાં બત્રીસ હજાર કી.ગ્રા થી વધુ હોય.

**" હેવી કન્સ્ટ્રકશન ' મશીનરી" અથવા " અર્થ મુવીંગ ઈકવીપમેન્ટ" અથવા " મલ્ટી એકસલ વ્હિકલ"** એટલે બાંધકામ માટેની ભારે યંત્ર સામગ્રી અથવા અર્થ મુવીંગ ઈકવીપમેન્ટ અથવા યાંત્રિક વાહનો , જેમાં ત્રણથી છ એકસલ ધરાવતાં વાહનોનો અથવા વીસ હજારથી વધે પરંતું સાઠ હજરથી ઓછુ એકંદરે વજન ધરાવતા વાહનોનો સમાવેશ થાય છે, અને

**"ઓવર સાઈઝડ વ્હિકલ" (મહાકાય વાહનો)**એટલે કે સાત અથવા વધુ એકસલ ધરાવતા અથવા એકંદરે સાઠ હજાર કી.ગ્રા થી વધુ વજન ધરાવતા વાહનો.

**ભાવપત્રક:**

ગુજરાત રાજય માં ૦૦.૦૦ કી.મી. ૭૭.૦૦ કી.મી સુધીના અંતરના રાજય ધોરીમાર્ગ –૪૨ના ઉપયોગ માટે વસુલ કરવાની ફીના મુળભૂત દર ૧લી એપ્રિલ–૨૦૧૦ થી અમલમાં છે. આ ફી વાણિજયક કામગીરીની તારીખ (સી.ઓ.ડી) થી ટોલ પ્લાઝા ખાતે વસુલ કરવામાં આવશે.

**કોઠો – આર. ૨**

| ક્રમ | વાહનની કક્ષા | મૂળભુત ટોલ દર(રૂા.માં) ફીનો દર વાહન દીઠ એક તરફની મુસાફરી માટે છે (એપ્રિલ–૨૦૧૫ માટે રૂા.માં) | ભૂજ–ધમઢકા ગામ |
|---|---|---|---|
| ૩ | ટ્રક | ૩.૧૩૫ | ૧૫૫ |
| ૪ | લાઈટ કમર્શીયલ વ્હિકલ (એલસીવી) લાઈટ ગુડઝ વ્હિકલ | ૧.૫૬૭ | ૭૫ |
| ૫ | ૨– એકસલ ધરાવતી ટ્રક | ૩.૧૩૫ | ૧૫૫ |
| ૬ | હેવી કન્સ્ટ્રકશન મશીનરી( એચ.સીએમ) અથવા અર્થ મુવીંગ ઈકવીપમેન્ટ (ઈએમઈ) અથવા મલ્ટી એકસલ વ્હિકલ (ત્રણ થી છ એકસલ ધરાવતા) | ૫.૨૨૫ | ૨૫૫ |
| ૭ | મહાકાય (ઓવર સાઈઝડ) વાહનો (સાત અથવા વધુ એકસલ ધરવાતા) | ૬.૨૭૦ | ૩૦૫ |

૫. ઉપર દર્શાવેલી ફી માર્ગનો (કન્સેશન એગ્રીમેન્ટમાં વ્યાખ્યાયિત ધરવામાં આવ્યા મુજબના ) ઉપયોગ કરતાં અને ટોલ પ્લાઝામાં દાખલ થઈને પ્રોજેકટ રોડ પરથી પસાર થતાં વાહનો પર **તા ૧૬/૫/૨૦૧૫** ના ૦.૦૦ કલાકથી બીજી જાણ કરવામાં આવે ત્યાં સુધી લેવામાં આવશે.

**૭. ફી ના દરમાં વાર્ષિક સુધારો:**

૧. નિયમ(૬) હેઠળ નિર્દીષ્ટ કરવામાં આવેલી ફીના દરમાં દર વર્ષે ત્રણ ટકાના દરે બિન ચક્રવૃધ્ધિ વધારો કરવામાં આવશે અને વધારવામાં આવેલો આવો દર ત્યારપછીના વર્ષો માટે મૂળ દર ગણાશે કોઈ શંકા ન રહે તે માટે પ્રથમ વધારો ૧લી એપ્રિલ,૨૦૧૧ના રોજ થી અમલમાં આવશે.

૨. લાગુ પડવાપાત્ર મૂળ દર પ્રતિવર્ષ ૧લી એપ્રિલથી અમલમાં આવશે અને તે, ડીસેમ્બર–૨૦૦૯ અને જે વર્ષમાં આવો સુધારો અમલમાં આવવાનો છે તેનો અગાઉના વર્ષના ડીસેમ્બર માસ વચ્ચેના સમયગાળામાં " હોલસેલ પ્રાઈઝ ઈન્ડેકસ" માં થયેલો વધારો દર્શાવશે.

લાગુ પડવાપાત્ર સુધારેલો મૂળ દર કોઠા આર.૧માં આપવામાં આવેલો ૨૦૧૦–૧૧નો મૂળ દર X $\frac{[WPI\ A - WPI\ B]}{WPI\ B}$ X 0.4

**સ્પષ્ટીકરણ:**

આ પેટા નિયમના હેતુ માટે

(ક) WPI A એટલે જે વર્ષમાં સુધારો કરવાનો છે તેના અગાઉના વર્ષના ડીસેમ્બર માસનો હોલસેલ પ્રાઈસ ઈન્ડેકસ; અને

(અ) WPI B એટલે જે ડીસેમ્બર–૨૦૦૯નો હોલસેલ પ્રાઈસ ઈન્ડેકસ

૩. ફીનો લાગુ પડવાપાત્ર દર નકકી કરવા માટેની રીતે નીચે મુજબ રહેશે.

ફીનો લાગુ પડવાપાત્ર દર = મૂળ દર +લાગુપડવાપાત્ર સુધારેલ મૂળ દર

**સ્પષ્ટીકરણ:**

આ પેટ નિયમના હેતુ માટે

(ક) ફીનો લાગુ પડવાપાત્ર દર અને વપરાશકર્તા ધ્વારા ચુકવવાપાત્ર દર હશે

(ખ) મૂળદર, પેટા નિયમ – નિયમ–(૧) સાથે વાંચતા, નિયમ –૬ માં નિર્દીષ્ટ કરવામાં આવેલો દર હશે.

(ગ) લાગુ પડવાપાત્ર સુધારેલો દર, .પર પેટા નિયમ–(૨) સાથે વાંચતા, નિયમ –૬માં નિર્દીષ્ટ કરવામાં આવેલો દર હશે.

**ઉદાહરણ:**

ડીસેમ્બર–૨૦૧૦નો હોલસેલ પ્રાઈસ ઈન્ડેકસ લાગુ પાડીને ૨૦૧૧–૧૨ ના વર્ષ માટે સુધારો કરવાનો હોય તો કાર, જીપ અથવા વાનના દર નીચે કરવામાં આવેલી ગણતરી મુજબ ૦.૮૪૦ હશે( આ ઉદાહરણના હેતુ માટે ડીસેમ્બર–૨૦૦૯ અને ડીસેમ્બર –૨૦૧૦ નો WPI અનુક્રમે ૧૦૦ અને ૧૦૫ હોવાનું ધારીને)

ફીનો લાગુ પડવાપાત્ર દર: $0.824 + 0.824 \times \frac{[105 - 100]}{100} \times 0.4 = 0.840$

૪. આ નિયમ હેઠળ દરનો વાર્ષિક સુધારો દર વર્ષ ૧લી એપ્રિલથી અમલી બનશે.

## ૮. ફીની ઉઘરાણી

૧. આ નિયમો હેઠળ લેવાની ફી કન્સેશનર ટોલ પ્લાઝા ખાતે ઉઘરાવશે

૨. કોઈપણ યાંત્રિક વાહનના ડ્રાઈવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યકિત, ટોલ પ્લાઝા ક્રોસ કરતાં પહેલા, રાજય ધોરીમાર્ગના ભાગનો ઉપયોગ કરવા માટે, આ નિયમો હેઠળ નિર્દીષ્ટ કરવામાં આવેલી ફી ચુકવશે.

૩. આ નિયમો હેઠળ ઉઘરાવવાની ફી રોકડમાં અથવા સ્માર્ટકાર્ડથી અથવા ઓન બોર્ડ યુનીટથી (ટ્રાન્સપોન્ડરથી) અથવા તેના જેવા અન્ય કોઈ સાધન થકી ચુકવવાની રહેશે.

પરંતુ સ્માર્ટકાર્ડ અથવા ઓન બોર્ડ યુનીટ (ટ્રાન્સપોન્ડર) અથવા એવા કોઈપણ સાધનના ઉપયોગથી ફીની ચુકવણી કરવા માટે વધારના કોઈ ચાર્જ લેવાના રહેશે નહી.

૪. ફી ચુકવવા માટે ઓન બોર્ડ યુનીટ( ટ્રાન્સપોન્ડર) અથવા તેના જેવા સાધન ઈન્સ્ટોલ કરાવવા ઈચ્છતા યાંત્રિક વાહનના કોઈપણ ડ્રાઈવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યકિત તે સાધનની કિંમત જેટલી રીફંડેબલ સિકયુરીટી (જામીનગીરી) કન્સેશનર પાસે જમા કરાવશે અને આવી સિકયોરીટી ડીપોઝીટ પર કોઈ વ્યાજ ઉપાર્જીત થશે નહી.

૫. પેટા નિયમ(૨) હેઠળ આવી ફી મેળવનાર વ્યકિત, યાંત્રિક વાહનના ડ્રાઈવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યકિતને એક રસીદ આપશે, જેમાં આવી ફી મળ્યાની તારીખ અને સમય, મળેલ કુલ રકમ અને જે માટે ફી લેવામાં આવી હોય તે વાહનનો વર્ગ દર્શાવેલો હોવો જોઈશે.

પરંતુ જયારે ફી સ્માર્ટ કાર્ડ અથવા ઓન બોર્ડ યુનીટ (ટ્રાન્સપોન્ડર) અથવા એવા કોઈ સાધન થકી ચુકવવામાં આવી હોય ત્યારે, રસીદ માંગવામાં આવ્યેથી જ ઈસ્યુ કરવી.

૬. ફી કન્સેશનરે કરેલા એગ્રીમેન્ટની શરતો મુજબના નિર્દીષ્ટ સમયગાળા માટેજ રહેશે.

## ૯. ફીનું ભરણું અને વિનીયોગ

૧. આ નિયમોની જોગવાઈઓ હેઠળ ઉઘરાવવામાં આવેલી ફીનો વિનીયોગ કન્સેશનરે,તેણે કરેલા એગ્રીમેન્ટની જોગવાઈઓ મુજબ અને તે એગ્રીમેન્ટ હેઠળની તેની ફરજોની બજવણી મુજબ કરવાનો રહેશે.

## ૧૦. ટોલપ્લાઝાનું સ્થળ

૧. રાજય ધોરીમાર્ગના તેજ ભાગ પર તેજ દિશામાં બીજુ કોઈ ટોલ પ્લાઝા પચીસ કી.મીના અંતરની અંદર ઉભુ કરી શકાશે નહી.

પરંતુ કારોબારી તંત્ર (એકઝીકયુટીગ ઓથોરીટી) ને યોગ્ય જણાય તો તે કન્સેશનરને પચીસ કી.મી.ની અંદર બીજુ ટોલપ્લાઝા ઉભુ કરવા દેશે પરંતુ તેમ કરવાના કારણોની લેખિત નોંધ કરવાની રહેશે.

## ૧૧. વધારાના ટોલ પ્લાઝા

કન્સેશનર તેમના વિવેકાધિકારથી, આ નિયમો હેઠળ ચુકવવામપાત્ર માર્ગકર ચાર્જીસ થી બચવા માટે પ્રોજેકટ હાઈવેના પ્રવેશ માર્ગો(એપ્રોચ રોડઝ) નો ઉપયોગ કરતાં વાહનોનું ચેકીગ કરવાના હેતુથી, પ્રોજેકટ હાઈવે ઉપર, માર્ગકર ઉઘરાવવા માટે વધારાના પોઈન્ટસ અને પ્રવેશ અવરોધો(એન્ટ્રી બેરીયર્સ) ઉભા કરી શકાશે, પરંતુ માર્ગકર ઉઘરાવવા માટેના આવા વધારાના પોઈન્ટસ અથવા પ્રવેશ –અવરોધો કોઈપણ ટોલ પ્લાઝાની બાજુએ લગભગ ૧૦(દસ) કી.મી. થી વધુ અંતરે ઉભા કરી શકાશે નહી.

## ૧૨. મુકિત આપવામાં આવી હોય તેવાં વાહનો:

આ અનુસૂચિત/ફી અંગેના જાહેરનામામાં નિર્દીષ્ટ કરવામાં આવ્યા હોય એવા વાહનોને માર્ગકર ચુકવવામાં મુકિત આપવાની રહેશે.

૫. નીચેના પ્રકારનાં વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને "કન્સેશનરે" તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

૧. નીચે મુજબના યાંત્રિક વાહનો પાસેથી કોઈ ફી લેવાની રહેશે નહી.

(અ) (ને) પરિવહન અને સહવર્તી કરાવી રહયા હોય

અ. નામદાર રાષ્ટ્રપતિશ્રી
બ. ઉપરાષ્ટ્રપતિશ્રી
ચ. વડા પ્રધાનશ્રી
દ. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધિશશ્રી
ઇ. રાજયોના રાજયપાલ
ફ. કેન્દ્રસાશિત પ્રદેશોના લેફનન્ટ ગર્વનરશ્રીઓ
ગ. કેન્દ્ર ના મંત્રીઓ
હ. રાજયોના મુખ્ય મંત્રીશ્રીઓ

ા. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશશ્રીઓ
જ. રાજય સભાના અધ્યક્ષશ્રી
ક. લોકસભાના અધ્યક્ષશ્રી
લ. વિધાનસભાના અને વિધાનપરિષદોના અધ્યક્ષશ્રીઓ
મ. રાજયોની વડી અદાલતોના મુખ્ય ન્યાયાધીશશ્રીઓ
ન. રાજયોની વડી અદાલતોના ન્યાયાધીશશ્રીઓ
હ. રાજયોના મંત્રીશ્રીઓ
પ. ભારતની મુલાકાતે પધારતા વિદેશી મહાનુભાવો
ઠ. ભારત ખાતે નિયુકત થયેલાં વિદેશી મિશનોના વડાઓ
ર. સાંસદશ્રીઓ
સ. ધારાસભ્યશ્રીઓ
ત. કેન્દ્ર અનેરાજય સરકારના વાહનો,

(બ) (ને) સત્તાધારીી ઉપયોગકર્તા

અ. જીએસઆરડીસીના અધિકારીઓ,
બ. રક્ષાના દળના વાહનો કે જે ઈન્ડીયન ટોલ(આર્મી એન્ડ એરફોર્સ) એકટ ૧૯૦૧ માં સમાવિષ્ટ હોય અને જેમને ટોલમાંથી મુકિત આપવામાં આવી હોય અને આ કાયદો નેવીને પણ વ્યાપિત કરવામાં આવેલ હોય તે તમામ
ચ. કેન્દ્ર અને રાજય સરકારના સશસ્ત્ર દળો, પેરામીલેટ્રી ફોર્સીસ અને પોલીસ
દ. એકઝયુકયુટિવ મેજીસ્ટ્રીટ (કાર્યપાલક ન્યાયાધીશ )
ઇ. પોલીસ વાહનો
ફ. પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર,વીર ચક્ર અને શૌર્ય ચક્ર જેવા વીરતા પુરસ્કારોના વિજેતાઓને સક્ષમ સત્તાતંત્રે તેમના પુરસ્કારને અધિકુત કરતું ઓળખપત્ર દર્શાવતા
ગ. જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો,
હ. અગ્નિશામક દળનાં વાહનો,
ા. એમ્બ્યુલન્સ અને કટોકટી સમયમાં બચાવકામગીરીમાં વપરાતાં વાહનો.
જ. જાહેર બાંધકામ વિભાગ અથવા અન્ય વિભાગ કે વ્યકિત જે વાહનનો નિરીક્ષણ,મોજણી,બાંધકામ, મરામત અને નિભાવણી માટે ઉપયોગ કર્તા હોય અને ટ્રેકટર ટોલી સાથે ટ્રોલી વગર, દ્વિ ચક્રી વાહનો, ત્રિ ચક્રી વાહનો

(ક) એમ્બ્યુલન્સ તરીકે ઉપયોગ થતા વાહનો

**૧૩. સ્થાનિક વપરાશકર્તાઓ માટે**

પ્રોજેકટ હાઈવેનો આંશિક ઉપયોગ કરતા અને ટોલ પ્લાઝા ક્રોસ ન કરતાં વાહનો પાસેથી કોઈ ચાર્જ લેવામાં નહી. આવે.

સ્થાનિક વપરાશકર્તા ધ્વારા લેખિત વિનંતી કરવામાં આવ્યેથી અને વિનંતી અરજી સાથે (ક) રહેઠાણનો પુરાવો જેમ કે તહેસીલદાર/ નાયબ તહેસીલદાર/ તાલુકા વિકાસ અને પંચાયત અધિકારનું પ્રમાણપત્ર, અને (ખ) જેના માટે આવો મુકિત પાસ મેળવવાનો હોય તે વ્યકિતગત કારના રજીસ્ટ્રેશન પેપર્સ રજુ કર્યેથી કન્સેશનરે સ્થાનિક વપરાશકર્તાને એક માસિક પાસ ઈસ્યુ કરશે. સ્થાનિક વપરાશકર્તાના નામે નોંધાયેલ અને ઉપર જણાવેલ રહેઠાણના પુરવામાં જણાવાયેલું સરનામં ધરવાતં કાર જ માસિક પાસ

મેળવનારને પાત્ર બનશે. રહેઠાણનો પુરાવો અને રજીસ્ટ્રેશન પેપર્સ રજુ કર્યેથી કન્સેશનરને તેની એક ફોટો કોપી પોતાની પાસે રાખશે અને અસલ દસ્તાવેજો તાત્કાલિક પરત કરશે.

૧૪. **સર્વિસ રોડની જોગવાઈ થયા બાદ**

આ નિયમો માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સ્થાનિક વપરાશકર્તા, મોટર સાયકલ્સ અને ટ્રેકટર ધ્વારા વિનામૂલ્યે ઉપયોગ માટે સર્વીસ માર્ગો બાંધવામાં આવે ત્યારે મુળ માર્ગનો ઉપયોગ કરતાં આવા ટ્રાફીક/ વાહનોએ ચુકવણી કરવાની રહેશે.

૧૫. **અવારનવાર ઉપયોગ કરતાં વપરાશકર્તાઓ માટે ફીમાં વળતર**

કોઈપણ વ્યકિત ધ્વારા વિનંતી કરવામાં આવ્યેથી કન્સેશનર, પ્રોજેકટ હાઈવે પર એક તરફથી મુસાફરી જે વાહને કરવાની હોય તેને ચુકવવાપાત્ર બનતી ફીના ૧૬૦( એકસો સાઈઠ) ટકા જેટલી રકમની ચુકવણી કર્યેથી રીટર્ન પાસ ઈસ્યુ કરશે. આવે રીટર્ન પાસ જે તે ાહનને તેજ દિવસે " આઉટવર્ડ જર્ની" તરીકે પરત મુસાફરી કરવા માટે હકદાર બનાવશે.

કન્સેશર કોઈપણ વ્યકિત તરફથી ૨૦ કે વધુ એક તરફી ટોલ–ટીકીટ ઈસ્યુ કરવામા આવ્યેથી સબંધિત વાહન માટે ચુકવવાપાત્ર ફી ના ૮૦ટકા (એંસી ટકા) જેટલા વળતર દરે આવી ટીકીટો ઈસ્યુ કરશે. આવી વળતર દરે ઈસ્યુ કરેલ ટીકીટો જે તે વાહનને એક મહીના (કેલેન્ડર મહીના) અથવા તેના કોઈપણ ભાગમાં કોઈપણ સમયે એક તરફી મુસાફરી માટે એક ટીકીટનો ઉપયોગ કરીને પ્રોજેકટ હાઈવે પર અવર જવર કરવા માટે હકદાર બનાવશે.

કોઈપણ વ્યકિત ધ્વારા વિનંતી કરવામાં આવ્યેથી કન્સેશનર, પ્રોજેકટ હાઈવે પર એક તરફી

મુસાફરી જે વાહને કરવાની હોય તેના તરફથી ચુકવવાપાત્ર ફીની ૩૦( ત્રીસ) ગણી રકમ ચુકવવામાં આવ્યેથી એક માસિક પાસ ઈસ્યુ કરશે.આવો માસિક પાસ જે તે વાહનને આગામી ૩૦ (ત્રીસ) દિવસ સુધી બન્ને તરફથી એકથી વધુ મુસાફરી કરવા હકદાર બનાવશે.

૧૬. **ફીની ચોરી માટે વધારાના ચાર્જ**

કોઈપણ વાહન જરૂરી ફીની ચુકવણી વિના પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરે તેવા કિસ્સામાં કન્સેશનર, લાગુપાડવાપાત્ર કાયદો અને પરવાનગીઓને અધીન રહીને આવાં વાહન અંગેની જરૂરી ફી અને પરિયોજના ધોરીમાર્ગના અનધિકૃત ઉપયોગ કરવાથી પૂર્વનિયુકત પૂર્વનિર્ધારિત નુકશાન અંગે સમાન રકમ નકકી કરવા અને વસૂલ કરવા હકકદાર રહેશે. પરંતુ, આવી ફી અને પૂર્વનિયત નુકસાન્ના નિર્ધારણ અને વસૂલાત કન્સેશનરના જોખમે અને ખર્ચે કરવાની રહેશે અને જીએસઆરડીસી કોઈ પણ રીતે તે બાબતમાં જવાબદાર ઠરશે નહી. વધુમાં, અતિલાદણ (ઓવર લોડિંગ) ની જાણ થતાં કન્સેશનર આવા વાહનમાંથી વધારાનો વજન દૂર કરાવવામાં ન આવે ત્યાં સુધી વાહનને પરિયોજનાનો ઉપયોગ કરતાં અટકાવશે અને જીએસઆરડીસી, કનસેશનરના પક્ષે આવા વાહન અથવા આવું વાહન ચલાવતી વ્યકિતની બાબતમાં કોઈ ચૂક અથવા ત્રુટિ માટે જવાબદાર ઠરશે નહી.

૧૭. **ઓવર લોડિંગ કરેલાં વાહનો માટે વધારાની ફી**

ઉકત ખંડ ૧૪ ની જોગવાઈઓને અધીન, અને લાગુપાડવાપાત્ર કાયદા હેઠળ ઉભી થયેલી જવાબદારીને બાધ આવ્યા સિવાય, આવા કાયદામાં નિયત કરેલી પરવાનગીપાત્ર મર્યાદાથી વધુ

વજન ભરેલા આવા કોઈ વાહનને ચલાવતી કોઈ પણ વ્યકિતને કન્સેશનર, આ પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવા દેશે નહી. સાથે સાથે આવી વ્યકિતએ, આવા ઉપયોગથી પરિયોજનાને નુકશાન, બગાડ થયો હોય તેના બદલામાં વધારાની ફી (એડિશનલ ફી) ની ચુકવણી કરવાની રહેશે. આ વધારાની ફી નીચેના કરતાં વધવી જોઈએ નહીઃ–

(ક) આવા વાહનમાં પરવાનગીપાત્ર વજનથી ૧૦% વજન વધતું હોય તો ફીના ૫૦% (પચાસ ટકા), પરંતુ પરવાનગીપાત્ર વજનના ૨૦% (વીસ ટકા) થી વધવું જોઈએ નહી, અને

(ખ) આવા વાહનમાં પરવાનગીપાત્ર, વજનથી ૨૦% (વીસ ટકા) થી વજન વધતું હોય તો ફીના ૧૦૦% (સો ટકા).

પરંતુ, વધારા ફી કન્સેશનર ધ્વારા દરેક ટોલ પ્લાઝા પર મુકાતા માન્યતાપ્રાપ્ત સ્થિર વજનકાંટા (સ્ટાન્ડર્ડ સ્ટેટિક વેઈંગ મશીન) થી માપીને ખરેખર એકંદર વાહન વજનના આધારે વસૂલ કરવાની રહેશે.

વધુમાં, કનસેશનરે વધારાની ફીનું નિર્ધારણ અને વસૂલાતનું નિયમન અને અમલ તેમના જોખમે અને ખર્ચે કરવાનાં રહેશે અને આવી વધારાની ફીની પૂરેપૂરી અથવા તો તેના ભાગની કોઈપણ કારણસર અથવા તેને લગતી બાબતમાં વસૂલાત કરવામાં અક્ષમતા કે નિષ્ફળતાની બાબતમાં જીએસઆરડીસીના સામે કોઈ દાવો કરી શકશે નહી.

## ૧૮. માહીતી દર્શાવવા બાબત

૧. કારોબારી તંત્ર, સ્થાનિક વિસ્તારમાં વ્યાપક ફેલાવો ધરાવતા એક અંગ્રેજી અને એક સ્થાનિક ભાષાના વર્તમાનપત્રમાં, જુદી જુદી કક્ષાના યાંત્રિક વાહનો પાસેથી વસૂલવાની ફીની રકમ દર્શાવતી નોટીસ પ્રકાશિત કરશે.

૨. કન્સેશનર ટોલ પ્લાઝા પહેલાં ૧હજાર મીટરના અંતરે હીન્દી અને અંગ્રેજીમાં તથા ટોલપ્લાઝાથી ૫૦૦મીટર ના અંતરે સ્થાનિક ભાષામાં નીચે મુજબની માહીતી દર્શાવતા મોટા પાટીયા મુકશે.
   ૧. દરેક વર્ગના વાહનો માટે ચુકવવાપાત્ર ફીની રકમ અને નિયમ–૯ હેઠળ ઉપલબ્ધ વળતર
   ૨. ફીની ચુકવણીમાંથી જેમને મુકિત આપવામાં આવી હોય એવા વાહનોના નામ
   ૩. યથાપ્રસંગ કન્સેશનરે અથવા કારોબારી તત્ર (એકઝીકયુટિવ ઓથોરીટી) નું નામ, સરનામુ અને ટેલિફોન અથવા સંપર્ક નંબર

૩. પાટીયા તમામ વપરાશકર્તાઓને સ્પષ્ટરીતે નજરે પડે એટલા ઉંચા મુકવા અને તેમના લખાણના અક્ષરો મોટા અને સુવાચ્ય રાખવા.

## ૧૯. અનઅધિકૃત ઉઘરાણી

૧. રાજય સરકાર ધ્વારા અધિકૃત અધિકારી અથવા યથાપ્રસંગે એકઝીયુટિંગ ઓથોરીટી, કન્સેશનર ધ્વારા કોઈ વધુ ફી ઉઘરવવામાં આવી તો તેની આકારણી કરશે અને આવી ઓથોરીટી અથવા કન્સેશનર પાસેથી તેની તેમજ વધુ ઉઘરાયેલી ફીની પચીસ ગણી વધારાની રકમ વસુલ કરશે.

૨. ફી ની અધિકૃત વસૂલાતથી નારાજ હોય એવા, યાંત્રિક વાહનના ડ્રાઈવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યકિત આ અંગે રાજય સરકારે અધિકૃત કરેલા અધિકારી અથવા એઝીયુટિંગ

ઓથોરીટી સમક્ષ ફરીયાદ નોંધાવી શકશે અને પક્ષકારોને સાંભળ્યા બાદ આવા અધિકારી અથવા ઓથોરીટી, આવી ફરીયાદ મળ્યાના ૩૦(ત્રીસ) દિવસની અંદર વધુ ચુકવણી રીફંડ કરવાનો અને આવા વપરાશકર્તાને પડેલી અગવડનું વળતર ચુકવવાનો હુકમ કરશે.

૩. નિયમ ૧૯ હેઠળ કન્સેશનર ધ્વારા ચુકવવાપાત્ર રકમને લગતાં કોઈપણ વિવાદની પતાવટ જી.એસ.આર.ડી.સી. કરશે.

૪. ટોલની ઉઘરાણીની બાબતમાં નારાજ/અસંતુષ્ટ હોય એવી કોઈપણ વ્યકિત જી.એસ.આર.ડી.સી. સમક્ષ ફરીયાદ કરી શકે છે. જી.એસ.આર.ડી.સી. આવી ફરીયાદ અંગે ૧૫ (પંદર) દિવસમાં હુકમ કરશે.

**૨૦. ફી ન ભરવી**

૧.યાંત્રિક વાહનના કોઈ ડ્રાઈવર, માલિક અથવા હવાલો ધરાવતી વ્યકિત રાજય ધોરીમાર્ગનો ઉપયોગ કરવા બદલ ફી ન ચુકવે અથવા ચુકવાનો ઈન્કાર કરે તો તેના વાહનને રાજય ધોરીમાર્ગના આવા ભાગનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી. અને આવું વાહન ટ્રાફીકના સામાન્ય પ્રવાહમાં અવરોધરૂપ બનશે તો કન્સેશનર આવા અવરોધરૂપ વાહનને રાજયધોરી માર્ગ પરથી હટાવી શકશે.

૨.યાંત્રિક વાહનના ડ્રાઈવર અથવા હવાલો ધરાવતી વ્યકિત આ નિયમો હેઠળ લેવાની ફી ચુકવવાની ના પડે અથવા ન ચુકવે તો તે ફી યાંત્રિક વાહનના નોંધાયેલા માલિક પાસેથી વસુલ કરવામા આવશે.

૩. કન્સેશનર પાસે એવું માનવાનું કારણ હોય કે યાંત્રિક વાહન યોગ્ય ફી ચુકવ્યા વિના રાજય ધોરીમાર્ગના કોઈ ભાગ પર ચાલી રહયુ છે તો તેઓ ફીની ચુકવણી અંગેની ખરાઈ કરવાના હેતુથી આવા વાહનને રોકી શકશે અને તેની પાસેથી યોગ્ય ફી વસૂલ કરશે.

૪. યોગ્ય ફી ન ચુકવવનાર અથવા ચુકવવામાંથી છટકબારી શોધનાર વ્યકિત, આ નિયમો હેઠળ અથવા અન્યથા કરવાની થતી કોઈપણ કાર્યવાહનીને બાધક બન્યા વિના, યોગ્ય ફી જેટલી વધારાની ફી ભરવાને પાત્ર બનશે

**૨૧. રેકર્ડની ખરાઈ કરવાની રાજય સરકારની સત્તા**

રાજય સરકાર અથવા એકઝીકયુટિવ ઓથોરીટી ધ્વારા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ અધિકારી ફીની ઉઘરાણીની ખરાઈ કરવાની તેમજ કન્સેશનરના કોઈપણ દસ્તાવેજ, રેકર્ડઝ, અન્ય માહિતી, રસીદો અથવા અહેવાલો તપાસવાની સત્તા ધરાવશે.

**૨૨. ખાનગી રોકાણ હેઠળના પ્રોજેકટની બાબતમાં ફીની ઉઘરાણી**

૧.નિયમ–૫ ના પેટા નિયમ(૩) ની જોગવાઈઓ હેઠળ લેવાની થતી ફીની ઉઘરાણી આ વ્યવસ્થા અમલમાં હોય ત્યાં સુધી કન્સેશનર કરશે

૨.નિયમ–૩ પેટા નિયમ(૩) હેઠળ નિર્દીષ્ટ કરવામાં આવેલા એગ્રીમેન્ટ સમાપ્ત થવાની તારીખના રોજ અને તે તારીખથી લેવાની થતી ફીની ઉઘરાણી રાજય સરકાર અથવા યથાપ્રસંગ એકઝીકયુટિવ ઓથોરીટી કરશે.

**૨૩. વધારાના અંતરાયો ઉભા કરવા પર પ્રતિબંધ**

૧.જી.એસ.આર.ડી.સીની લેખિત પૂર્વ મંજુરી વિના, ટોલપ્લાઝા સિવાય અન્ય કોઈ જગ્યાએ કોઈ અંતરાય ઉભા કરવાં નહી. જી.એસ.આર.ડી.સી. ને સંતોષકારકરીતે અુવં જણાય કે ફી ન ચુકવવાનો પ્રયાસ

કરવામાં આવ્યો છે ત્યારે તે, તેના ધ્વારા લાદવામાં આવનાર શરતોને આધીન રહીને, વાહનોને ફી ચુકવવામાંથી છટકી જતા રોકવા માટે ટોલપ્લાઝા થી ૧૦ કી.મી. ના અંતરમાં કન્સેશનરને આવા વધારના અંતરાય ઉભા કરવા દેશે.

૨.પરંતુ એકઝીકયુટિવ ઓથોરીટી કોઈપણ સમયે આવી મંજુરી પાછી ખેંચી શકશે અને તે માટેના કારણો લેખિતમાં નોંધવાના રહેશે.

૩. પરંતુ વધુમાં, જયાં એકઝીકયુટિવ ઓથોરીટી કન્સેશરને વધારના અંતરાય ઉભા કરવાની મંજુરી ન આપે ત્યારે મંજુરી ન આપવાના કારણો કન્સેશનરને યોગ્ય સમયમાં જણાવવાનાં રહેશે.

**૨૪. ટોલ ચાર્જીસને પુરે આંકડે કરવા બાબત.**

આ નિયમો હેઠળ દરેક વાહન પાસેથી ઉઘરાવવાના ટોલ– ચાર્જીસની રકમ નજકીના પાંચના ગુણાંકમાં આવતા આકડે પુરે આંકડે કરવાની રહેશે.

૨૫. કન્સેશનર ફી ઉઘરાવા માટે એક અધિકારીનું નામ નિયુકત કરશે. કન્સેશનર તેમજ ઉકત અધિકારી, સંમતદરો કરતા વધુ દરે ફી ઉઘરાવવામાં ન આવે અને ફી માર્ગનો ઉપયોગ કરનારાઓને અનુચિત તકલીફ ન પડે એ રીતે ઉઘરાવવામાં આવે અને આ સબંધે તમામ બાબતો સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે.

૨૬. કન્સેશનર આ જાહેરનામાનો સારાંશ તેમજ જદા જુદા વપરાશકર્તાઓ માટે કન્સેશન એગ્રીમેન્ટમાં કરવામાં આવેલા વળતરની જોગવાઈની માહીતી બે સ્થાનિક વર્તમાનપત્રોમાં( જે પૈકીનું એક સ્થાનિક ભાષાનું હોવું જોઈશે) છપાવશે. તેમાં, આ જાહેરનામાની જોગવાઈ મુજબ વાણિજિયક કામગીરીની તારીખ પણ જણાવવાની રહેશે. આ જાહેરનામા મુજબ સુધારેલી ફી નો અમલ કરાવતા પહેલાં પણ આવી માહીતી પુનઃ છપાવવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ડી. કે. સોલંકી)
ખાસ ફરજ પરના અધિકારી,
માર્ગ અને મકાન વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ રવાનાઃ

૧. વહીવટી સંચાલકશ્રી, જી.એસ.આર.ડી.સી. ગાંધીનગર.
૨. કલેકટરશ્રી, કચ્છ જીલ્લો,
૩. ડીસ્ટ્રીકટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, ભૂજ,
૪. કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, ભૂજ
૫. ઓથોરાઈઝડ સિગ્નેટરી, વાલેચા કચ્છ ટોલ રોડસ લિ.
૬. ખાનગી કરણ બ્રાન્ચ, આર. એન્ડ બી ડીપાર્ટમેન્ટ